જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૨૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૮	૦	૧૧૭૦૮	૧૭૮૧૮	૦	૧૭૮૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૨૮૪૯	૨૯	૭૨૮૭૮	૭૩૮૮૭	30	૭૩૯૧૭
કુલ		૮૯૪૦૬	૨૯	૮૯૪૩૫	૯૮૩૮૦	30	૯૮૪૧૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૧	૪,૫૪,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬૧	૩,૬૧,૦૦૦/-

સ્ટેબીંગના અનડીટેક્ટ ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

સ્ટેબીંગના અનડીટેક્ટ ગુનાના કામના આરોપીઓને પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સા શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ અવાર નવાર નાના મોટા શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ 'એ' ગુ.ર.ન ૧૧૧૯૧૦૦૨૨૧૧૩૩૯/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૨૪ ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ – ૧૩૫ (૧) મુજબ નો ગુનો અનડીટેક હોય જરૂરી સી.સી.ટી.વી ફુટેજ મેળવી જે ફુટેજ તથા બાતમીદારોના નેટવર્ક દ્વારા આરોપીઓની ઓળખ કરી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.એસ.ચૌધરી તથા એ.એસ.આઇ બિપીનકુમાર હરગોવિનદાસ બ.ન ૮૦૦૮ તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯ તથા પો.કો અશ્વિનકુમાર વાઘાભાઇ બ.નં ૬૭૫૮ તથા પો.કો લાખાભાઇ દેહાભાઈ બ.ન ૬૯૩૫ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન પો.કો અશ્વિનકુમાર વાઘાભાઇ બ.નં ૬૭૫૮ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે રાણીપ જી.એસ.ટી ફાટક ખાતેથી આરોપીઓ નંબર (૧) હિતેશભાઇ ઉર્ફે કાળુ સ/ઓ બિજલભાઇ જાતે ચાવડા ઉ.વ ૧૯ રહે રામાપીરનો ટેકરો પુર પીડીત નગર વિભાગ ૦૨ રબારી વસાહત નવા વાડજ અમદાવાદ શહેર તથા નંબર (૨) જીગ્નેશ ઉર્ફે કાળુ સ/ઓ જગદીશભાઇ જાતે ધવલ ઉ.વ ૨૧ રહે મકાન નંબર ૫૨ જ્યોતીનગર સૌરભ સ્કુલની બાજુમાં ભાવસાર હોસ્ટેલ પાસે નવા વાડજ અમદાવાદ શહેર નાઓ બન્ને આરોપીઓએ આ ગુનાના કામના ફરીયાદીશ્રી ગુરદિપસિંગ બલબીરસિંગ જાતે ભટ્ટી ઉ.વ ૪૫ ધંધો વેપાર રહેવાસી બી/૬/૨૦૨ શુકન સ્માઇલસીટી શ્યામ હિલ્સની બાજુમા ન્યુ રાણીપ અમદાવાદ શહેર નાઓ સોહરાબજી કંપાઉન્ડ વાડજ ખાતે રાજદીપ મટન શોપ નામની દુકાન ધરાવી નોનવેજનો ધંધો વેપાર કરતા હોય અને આ કામના બન્ને આરોપીઓના મિત્ર રાહુલ દંતાણી જેઓની બહેન પિંન્કી ઉર્ફે પ્રિયંકા નાઓ પણ સંદિપ મટન શોપના નામની દુકાન ધરાવી નોનવેજનો ધંધો વેપાર કરતા હોય જેઓ બન્નેને દુકાન સામ સામે આવેલ હોય જેથી તેઓના વેપાર ધંધાની અદાવતમાં બોલાચાલી ઝગડો તકરાર થયેલ હોય જેની અદાવત રાખી આ કામના આરોપીઓએ ગઇ તારીખ ૧૬/૧૦/૨૦૨૧ ના રાત્રીના સમયે બલોલનગર ચાર રસ્તા પાસે આવેલ ગાયત્રી ભાજીપાઉની સામે બલોલ નગર તરફ જતા રોડ ઉપર ફરીયાદીની મો.સા પાછળ આવી આ કામના આરોપીઓએ ફરીયાદીને જમણા ખંભાના ભાગે પીઠ ઉપર સર્જીકલ બ્લેડ વડે ઇજા કરેલ હોય જે બન્ને નાઓને તારીખ ૨૧/૧૦/૨૦૨૧ ના કલાક ૨૦/૪૫ વાગે પકડી અટક કરી આરોપીઓ પાસેથી આ ગુનો કરવામાં ઉપયોગમાં લીધેલ જ્યુપીટર TVS કંપનીનું ગ્રે કલરનું આગળ તથા પાછળ આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર GJ-01-VN-0592 ચેસીસ નંબર MD626CG50M3H18884 તથા એન્જિન ન CG5HM3202701 જે ચાલુ હાલતનું ચાવી સાથેનું જેની કિ.રૂ.૪૫,૦૦૦/-જેટલી ગણી શકાય તે તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી સ્થાનિક પો સ્ટે નો અનડીટેક્ટ ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૨૨/૧૦/૨૦૨૧

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

ડી.બી મોટર્સ મારૂતી સુઝુકી અરીના શો-રૂમ ખાતે થયેલ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રી ઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ બિપીનકુમાર હરગોવિનદાસ બ.નં ૮૦૦૮ તથા પો.કો દિલીપકુમાર હીરાભાઇ બ.નં ૮૮૧૬ તથા અ.લો.૨ પ્રવીણભાઈ ઈશ્વરભાઈ બ.ન ૧૨૨૯૫ એ રીતેના તમામ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે રાણીપ પો સ્ટે હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન ચિમનભાઇ બ્રિજના નીચે આવતા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા અ.લો.૨ સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ નાઓ બન્નેને સયુક્ત અને ખાનગી બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) મહેશ ઉર્ફે લાલો સ/ઓ લક્ષ્મણજી જાતે ઠાકોર ઉ.વ ૨૭ રહે કે.કે નગર રામકૃષ્ણ નગર સોસાયટી જુના રેલ્વે સ્ટેશન ની પાછળ ઘાટલોડીયા અમદાવાદ શહેર તથા નંબર (૨) ધર્મેશ ઉર્ફે ધમો સ/ઓ નરેશભાઇ જાતે વ્યાસ ઉ.વ ૧૯ રહે સરદ કોલોની ગાંધીઆશ્રમની પાછળ સુભાષબ્રિજ રાણીપ અમદાવાદ શહેર નાઓને આજરોજ તારીખ ૨૨/૧૦/૨૦૨૧ ના કલાક ૧૩/૧૦ વાગે પકડી અટક કરી આરોપીઓ પાસેથી મુદ્દામાલ એક નવી ઇક્કો ગાડીની સાઇલેન્સર પાર્ટ્સ નંબર 78L-C04 SUZUKI MESL તથા 1A300721215 L તથા 78L-C02 SUZUKI MESL જેની કિમત રૂપિયા ૭૨,૦૦૦/- જેટલી તે પંચનામાં વિગતે તપાસ અર્થે કબજે કરી રાણીપ પો સ્ટે પાર્ટ 'એ' ગુ.ર.ન-૧૧૧૯૧૦૦૨૨૧૧૩૪૪/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૩૮૦,૪૫૪ ,૪૫૭,૪૪૭,૧૧૪ મુજબનો સ્થાનિક પો સ્ટે નો ગુનો ગણતરીના કલાકોમાં આરોપી મુદ્દામાલ સાથે શોધી કાઢી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૨૨/૧૦/૨૦૨૧

પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને વડોદારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

આરતીબેન ઉર્ફે તેજલબેન ઉર્ફે ભાભી તે જગદીશભાઇ ભીખાભાઇ ચાવડાની વિધવા ઉ.વ. ૩૭ રહે. મ. નં. ૨૧, પંચનાથ સોસાયટી, સોસાયટી,સોમનાથ સોસાયટીની સામે ભવાની નગરનો ટેકરો, ઓઢવ, અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૧૧૨/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી, ૬૫ એ એ, મુજબ (૨) ડી સી બી ક્રાઇમ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૧૧૨૧૦૦૨૦/૨૦૨૧ પ્રોહી ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧) બી, ૬૫(ઇ),૮૧,૯૮ (૨) મુજબ તથા (૩) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૧૧૩૯૦/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી, ૬૫ ઇ, મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૫૭૯/૨૦૨૧ તા.૨૨/૧૦/૨૦૨૧ તથા બજવણી તા. ૨૨/૧૦/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- વડોદારા જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા અ.હે.કો.રાજેશભાઇ રમેશભાઇ બ.નં.૬૭૮૯ તથા પો.કો. હરદેવભાઇ અજાભાઇ બ.નં.૭૭૫૬ તથા પો.કો.પરીમલભાઇ મોહનભાઇ બ.નં.૧૨૯૬૨ તથા પો.કો.હરદીપસિંહ બ.નં.૩૯૨૬ તથા વુ.પો.કો.એકતાબેન બ.નં.૨૪૬૨

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૭૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૩૨/૨૦૨૧**

કાગડાપીઠઃ અનુજભાઇ અરૂણભાઇ અગ્રવાલ (ઉ.વ.૨૮) (રહે. ભગવતી બંગ્લોઝ બાગબાન પાર્ટી પ્લોટ સામે થલતેજ) એ તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી મનીષ કુમાર દીનાનાથ મહાતો અને રવિકુમાર દીનાનાથ મહાતો (બંન્ને રહે. ઓફીસ સરનામુ-W/૧૪,એસ.એ.ફારૂકી રોડ,સાઉથ-૨૪ પેરગાનાસ કોલકતા વેસ્ટ બંગાલ કોલકતા તથા અકરા ફાટક, બાલુરઘાટ રોડ મહેશતાલા બારતાલા સાઉથ-૨૪ પેરગાનાસ સાઉથ-૨૪ વેસ્ટ બંગાળ) એ ભેગા મળી કોલકતા ખાતે પોતાની અભી ટેક્ષ્ટાઇલ ધરાવતા હોવાનુ જણાવી વિશ્વાસ કેળવી સને ૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન દુકાન નં.૨૦૭, ન્યુ ક્લોથ માર્કેટ ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ભગવતી કોટન માંથી રૂપિયા ૧,૪૧,૪૨૬/-, ભગવતી પરીધાન પ્રા.લી.માંથી રૂપિયા ૪,૬૪,૩૩૮/-, ભગવતી ટેક્ષ્ટાઇલ મીલ્સ માંથી રૂપિયા ૧,૨૮,૩૯૯-/- અને ભગવતી ફેબ્રીકસ માંથી રૂપિયા ૩૪,૨૬,૩૬૫/- કાપડનો માલ એજન્ટ સુલભભાઇ મારફતે પ્રીન્ટેડ ફેબ્રીકસનો જથ્થો મળી કુલ કિમત રૂપિયા ૪૧,૬૦,૫૨૮/- મેળવી લઈ નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૯૩૩/૨૦૨૧**

મણીનગરઃ પથીકભાઇ દિનેશભાઇ ઠક્કર (રહે. તક્ષશીલા માનવમંદીર ફ્લેટ રમણનગર મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૧ રાતના ૯/૪૫ થી તા.૨૨/૧૦/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર જય હિન્દ ચાર રસ્તા પાસે હિરામોતી માર્કેટમાં અંજલી ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી નામની દુકાનના શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર. કિમત રૂપિયા ૪૦૦૦/-, સોની કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૮૦૦૦/- અને કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

દાણીલીમડાઃ રજાહુસેન સ/ઓ મોહમદહુસેન મોમીન (રહે. અત્તરવાળી ચાલી એક્તાનગર દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૯૬,૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૧૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૩૪/૨૦૨૧**

રિવરફ્રન્ટ વેસ્ટઃ હિતેષ રેવાભાઈ પરમાર (ઉ.વ.૧૯) (રહે.સુર્યનગર સોસાયટી વિભાગ-૨ ધ નેશનલ કલોથ કંપની સામે ખોડીયારનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૧ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે કુલ બજાર એન.આઈ.ડી. પાછળ રિવરફ્રન્ટ વોક-વે રેમ્પ પાસે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

ચાંદખેડાઃ પુષ્પલત્તા હરીદત્ત પાંડે (ઉ.વ.૫૯) (રહે. ન્યુ મારૂતિ ટેનામેન્ટ વિસત સર્કલ પાસે ચાંદખેડા) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૨૨/૦૯/૨૦૨૧ સાંજના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવાની ગોળીઓ પી લીધી હતી. સારવાર માટે તેમને અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હત. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૦/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

નિકોલઃ (૧) રવિભાઈ મોહનભાઈ બરવાળિયા (ઉ.વ.૫૩) (રહે. અભિલાષા રેસીડેન્સી અટલ એપાર્ટમેન્ટ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવાની ગોળીઓ પી લીધી હતી. સારવાર માટે તેમને બાપુનગર કાંકડીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હત. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

નિકોલઃ (૨) ચંદ્રકાંતભાઈ સ/ઓ સોમાલાલ ભાવસાર (ઉ.વ.૬૮) (રહે. પરમેશ્વર હોમ્સ નિકોલ) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૨૧/૧૦/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

દાણીલીમડાઃ કિરણકુમાર કમલેશકુમાર પરમાર (ઉ.વ.૨૦) (રહે. રાજેન્દ્ર પાર્ક સોસાયટી આનંદ વિહાર સોસાયટી સામે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૧ કલાક ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઇ વાલજીભાઇ ચલાવે છે.

નારોલઃ મયુર નાજાભાઇ કામલીયા (ઉ.વ.૨૮) (રહે. ઇશ્વરબાગ સોસાયટી શારદા સ્કુલ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૧ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.